eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 248
November 26, 2010

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી અને તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૮,૩૩,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૧૩/૦૧/૨૦૧૧ દરમ્યાન બાલવાડી/ આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ઝોનની કામગીરી

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ) માં ફા.પ્લોટ નં.૧૪૨ થી ૧૭૯ તથા ફા.પ્લોટ નં.૧૪૪ થી ૧૭૭ વચ્ચે આવેલ ૧૮.૦૦ મી. નો ટી.પી.રસ્તામાં સોસાયટી જેવી કે અજન્ટા રો–હાઉસ, જયહરિ રો–હાઉસ,સાગર રો–હાઉસ, અલ્પેશનગર તથા શિવાજી નગર સોસાયટીમાં ટી.પી.રસ્તા પૈકીમાં આવતી જગ્યામાં હયાત કમ્પાઉન્ડ વોલ તેમજ અન્ય દબાણ આજરોજ તા.૧૮/૧૧/૨૦૧૦થી દબાણ સ્ટાફ સહિત સ્થળે જઈ દુર કરવામાં ચાલુ કરેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦ અંતર્ગત તા. ૨૧/૧૧/૨૦૧૦ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ ખાતેથી બેટનરીલે (મશાલ રેલી) નું પ્રસ્થાન

સ્વર્ણિમ ગુજરાત વર્ષ ઉજવણીના અંતર્ગત સમગ્ર રાજયમાં અંતરાળ ગામડાઓ, તાલુકા, જીલ્લા અને શહેર સુધી નગરજનોમાં રમત ગમત પ્રત્યે અભિગમ કેળવાય અને આ સ્પર્ધા થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતવીર પસંદગી પામી ગુજરાત રાજયનું નામ રોશન કરે તેવા આશયથી સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦નું આયોજન તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૦૮/૧૨/૨૦૧૦ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત તા.૨૫/૧૧/૨૦૧૦ થી તા.૦૪/૧૨/૨૦૧૦ દરમ્યાન યોજાનાર વિવિધ રમતોનું પત્રક

ગુજરાત રાજય ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦"ની ઉજવણીનાં ભાગરૂપે પુરા રાજયમાં તા.૨૨/૧૧/૨૦૧૦ થી તા.૧૫/૧૨/૨૦૧૦ દરમ્યાન "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. જે સંદર્ભે સુરત શહેરનાં ૯ સ્પોર્ટસ ઝોનમાં તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૨૪/૧૧/૨૦૧૦ દરમ્યાન ક્રમસઃ કબડ્ડી, ખો ખો અને વોલીબોલ સ્પર્ધાનું આયોજન સફળતા પૂર્વક કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત તા.૨૫/૧૧/૨૦૧૦ ના રોજ જિલ્લા કક્ષાએ યોજાયેલ કુસ્તી રમતની પ્રેસનોટ

સ્વર્ણિમ ગુજરાત ઉજવણીનાં ભાગરૂપે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ખેલ મહાકુંભ–૨૦૧૦નું આયોજન કરી સમગ્ર ગુજરાતના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રમતોત્સવ યોજવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી અને તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૮,૩૩,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૧૩/૦૧/૨૦૧૧ દરમ્યાન બાલવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી હેઠળ શાળાઓમાં સફાઈ,ડ્રેનેજ સફાઈ,વૃક્ષારોપણ,દાદા દાદી મીંટીંગ, વાલી મીટીંગ,આરોગ્યલક્ષી પ્રદર્શન,બાળકોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવુ વિગેરે પ્રવૃતિઓ કરવામાં આવશે.

ગયા વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૮,૨૨,૦૭૯ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય બિમારીવાળા ૫૬,૬૧૧ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી.જેમાં બાળરોગ નિષ્ણાંત દ્વારા ૮૯૪,આંખના નિષ્ણાંત દ્વારા ૩૩૭૧, દાંતના નિષ્ણાંત દ્વારા ૩૬૨,ચામડીના નિષ્ણાંત દ્વારા ૭૫૦, નાક, કાન ગળાના નિષ્ણાંત દ્વારા ૩૮૭ તથા અન્ય ૧૧૦૬ બાળકોને સારવાર આપવામાં આવી હતી. ૧૦૫૩ જરૂરીયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખાસ કેસ તરીકે હ્રદય ની સારવાર માટે ૨૩૮ બાળકોને, કીડનીની ખામીવાળા ૩૭ તથા કેન્સરની ખામીવાળા ૪૯ બાળકોને વિના મુલ્યે સારવાર ની મંજુરી આપવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ને દરખાસ્ત કરવામાં આવી હતી.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા માન્ય ખાનગી પ્રાથમિક/ માધ્યમિક શાળાઓ મળી કુલ–૧૫૩૦ શાળાઓ તથા ૧૦૦૪ આંગણવાડી/બાલવાડીના બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં મેડીકલ ઓફીસર/ સ્મીમેર હોસ્પીટલના ઈન્ટર્નીઝ ડોકટર,પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક/ શિક્ષિકા મદદ માં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો, વીટામીન 'એ'ની ઉણપ,આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાંજ આપવામાં આવશે. જયારે સ્થળ પર સારવાર આપી ન શકાય તેવી બીમારીવાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ (૨) સ્મીમેર હોસ્પીટલ (૩) નવી સીવીલ હોસ્પીટલ તથા આંખની તપાસ માટે જુની સીવીલ હોસ્પીટલ ખાતે તજજ્ઞ તબીબોની સેવાઓ વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત હ્રદય, કીડની તથા કેન્સર જેવી બિમારીવાળા બાળકોને જરૂર પડે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.એચ.એસ.દેસાઈ ના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ઝોનની કામગીરી

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ) માં ફા.પ્લોટ નં.૧૪૨ થી ૧૭૯ તથા ફા.પ્લોટ નં.૧૪૪ થી ૧૭૭ વચ્ચે આવેલ ૧૮.૦૦ મી. નો ટી.પી.રસ્તામાં સોસાયટી જેવી કે અજન્ટા રો–હાઉસ, જયહરિ રો–હાઉસ,સાગર રો–હાઉસ, અલ્પેશનગર તથા શિવાજી નગર સોસાયટીમાં ટી.પી.રસ્તા પૈકીમાં આવતી જગ્યામાં હયાત કમ્પાઉન્ડ વોલ તેમજ અન્ય દબાણ આજરોજ તા. ૧૮/૧૧/૨૦૧૦ થી દબાણ સ્ટાફ સહિત સ્થળે જઈ દુર કરવામાં ચાલુ કરેલ. જેમાં આશરે ૬૦ મકાનોનું કમ્પાઉન્ડ વોલનું દબાણ તેમજ ૦૩ દુકાનનું દબાણ દુર કરવા સહિતનું આશરે ૧૦,૦૦૦ ચો.ફુટનું જમીન ખુલ્લી કરી ટી.પી.ના ૧૮.૦૦ મી. નો રસ્તો ખુલ્લો કરેલ છે.

સદર કામગીરી પશ્ચિમઝોન(રાંદેર) ના ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલાની સીધી સૂચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતનાં માર્ગદર્શન હેઠળ પશ્ચિમઝોનનાં શહેર વિકાસ સ્ટાફ,દબાણ સ્ટાફ તેમજ સેન્ટ્રલ ઝોન, અઠવા ઝોન તેમજ ઉધના ઝોનનાં દબાણ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફ સહિત સદર કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦ અંતર્ગત તા. ૨૧/૧૧/૨૦૧૦ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ ખાતેથી બેટનરીલે (મશાલ રેલી) નું પ્રસ્થાન



સ્વર્ણિમ ગુજરાત વર્ષ ઉજવણીના અંતર્ગત સમગ્ર રાજયમાં અંતરાળ ગામડાઓ, તાલુકા, જીલ્લા અને શહેર સુધી નગરજનોમાં રમત ગમત પ્રત્યે અભિગમ કેળવાય અને આ સ્પર્ધા થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતવીર પસંદગી પામી ગુજરાત રાજયનું નામ રોશન કરે તેવા આશયથી સ્વર્ણિમ ખેલ મહાકુંભ–૨૦૧૦નું આયોજન તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૦૮/૧૨/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે. તા. ૨૦/૧૧/૨૦૧૦ ના રોજ પોલિસ પરેડ ગ્રાઉન્ડ, શાહીબાગ, અમદાવાદથી મા. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજયના તમામ જીલ્લાઓની બેટન રીલે (મશાલ રેલી) ને પ્રસ્થાન કરાવ્યું હતું. સુરત જીલ્લાની સદર મશાલરેલી તા. ૨૦/૧૧/૨૦૧૦ ના રોજ મોડી રાત્રે સુરત પહોંચી હતી.





તા. ૨૧/૧૧/૨૦૧૦ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ ખાતેથી બેટનરીલે (મશાલ રેલી)ના પ્રસ્થાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સ્થળે સુરત જીલ્લાના વિવિધ ૯(નવ) તાલુકાઓની (જીલ્લા પંચાયત સીટની ૩૫ અને નગરપાલિકાની ૪) અને સુરત શહેરના ૯ સ્પોર્ટસ ઝોનની કુલ ૪૮ એકત્રિત મશાલ રેલીને મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજયએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

સદર સમારંભની શરૂઆતમાં સુરત જીલ્લા કલેકટરશ્રી એ.જે. શાહએ સ્વર્ણિમ ખેલ મહાકુંભના આયોજનની વિગત આપી ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. સમારંભના પ્રમુખ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ આ ખેલ મહાકુંભના આયોજનના મુળ હેતુ ને સમજાવી હરમીત દેસાઈ, પુજા ચૌઋષી, શ્રી નુરૂલ્લા જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુરત શહેરને રમત ગમત ક્ષેત્રે નામના અપાવનાર રમતવીરો જેવા અન્ય વિરલાઓ આ સ્પર્ધા માંથી પસંદગી પામે અને એ રીતે સુરતનું નામ વધુ ઉજવળ થાય તેમ જણાવ્યું હતું.

Continue …

સમારંભના અતિથિ વિશેષશ્રી અને સંસદીય સચિવશ્રી રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત રાજય શ્રી ઈશ્વરસિંહ પટેલએ પોતાના વ્યકતવ્યમાં સ્વર્ણિમ ખેલ મહાકુંભના ભવ્ય આયોજનની રૂપરેખા સમજાવતા સમગ્ર ગુજરાતમાં અંદાજે ૧૫ લાખ રમતવીરો ભાગ લેશે તથા આ આયોજનના ભાગરૂપે એક જ સ્થળે ૨૦ હજાર જેટલા ચેસ સ્પર્ધાકો એક જ સમયે ભાગ લઈ ગ્રીનીસબુકમાં સ્થાન પામે તેવી ઘટના બનશે તેમ જણાવ્યું હતું. મશાલ રેલીના પ્રસ્થાન કર્તા શ્રી મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજયએ સ્વર્ણિમ ખેલ મહાકુંભમાં ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવા ચુંટાયેલા તમામ લોક પ્રતિનિધિઓને પોતાના વિસ્તારમાં રમત દરમ્યાન હાજર રહેવા અને આ રીતે આ આયોજનને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો. તથા હાલમાં જ સમગ્ર રાજયમાં એક જ દિવસે એક જ સમયે અંદાજ ૨૦ લાખ લોકોએ ગહનતાથી ૧ કલાક માટે વાંચના કરી ''વાંચે ગુજરાત'' ના કરેલ આયોજનનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

સ્વર્ણિમ ખેલ મહાકુંભના આયોજનમાં તા. ૨૨ થી ૨૫ નવેમ્બર ૨૦૧૧ દરમ્યાન કબડ્ડી, ખો–ખો, વોલીબોલ, એથ્લેટીકસ સ્પર્ધા ક્રમશઃ આખા રાજયમાં એક સાથે વિવિધ કક્ષાએ યોજાશે. ત્યાર બાદ અન્ય ૧૨ રમતો અને ઉપરોકત ૪ રમતોમાં પસંદગી પામેલ રમતવીરોની સ્પર્ધા તા. ૨૫/૧૧/૨૦૧૦ થી તા. ૪/૧૨/૨૦૧૦ દરમ્યાન યોજાશે. જેમાં વિજેતા પામેલ રમતવીરો રાજયકક્ષાની સેમીફાઈનલ તા. ૦૮/૧૨/૨૦૧૦ થી તા. ૧૨/૧૨/૨૦૧૦ દરમ્યાન યોજાશે. સુરત શહેરમાંથી અંદાજે ૯૨,૫૦૦ સ્પર્ધકોઍવિવધ રમતો માટે નોંધણી કરાવેલ છે.







પ્રસ્થાનના સમારોહમાં શ્રી મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય, મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, શ્રી પ્રવિણભાઈ નાયક, સંસદીય સચિવશ્રી રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત રાજય શ્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી કિશોરભાઈ વાંકાવાલા,શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી ભારતીબેન રાઠોડ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા, સુરત કલેકટરશ્રી એ.જે.શાહ, એડી. કલેકટરશ્રી જે.બી.વોરા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, સ્કુલના વિદ્યાર્થીઓ, રમતવીરો, સ્પર્ધકો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અંતમાં ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાએ આભારવિધિ સંપન્ન કરી હતી. સુરત જીલ્લામાં ખેલ મહાકુંભનું આયોજન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંકલનમાં રહી જીલ્લા રમત ગમત વિભાગ, જીલ્લા શિક્ષણ વિભાગ, કલેકટર કચેરી અને સુરત મહાનગરપાલિકા ધ્વારા સંયુકતપણે કરવામાં આવી રહયું છે.

TOP

## "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત તા.૨૫/૧૧/૨૦૧૦ થી તા.૦૪/૧૨/૨૦૧૦ દરમ્યાન યોજાનાર વિવિધ રમતોનું પત્રક

ગુજરાત રાજય ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦"ની ઉજવણીનાં ભાગરૂપે પુરા રાજયમાં તા.૨૨/૧૧/૨૦૧૦ થી તા.૧૫/૧૨/૨૦૧૦ દરમ્યાન "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. જે સંદર્ભે સુરત શહેરનાં ૯ સ્પોર્ટસ ઝોનમાં તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા. ૨૪/૧૧/૨૦૧૦ દરમ્યાન ક્રમસઃ કબડ્ડી, ખો ખો અને વોલીબોલ સ્પર્ધાનું આયોજન સફળતા પૂર્વક કરવામાં આવેલ છે. તા. ૨૫/૧૧/૨૦૧૦ના રોજ યોજાનાર એથ્લેટીકસની સ્પર્ધા વરસાદને કારણે તા. ૩૦/૧૧/૨૦૧૦ના રોજ અગાઉ નિર્ધારિત થયેલ સ્થળો ઉપર જ તે સમયે યોજાશે.

ઉપરોકત ૪ સ્પર્ધામાં પસંદગી પામેલ ખેલાડી/ટીમો જિલ્લા કક્ષાએ તેમજ તે સિવાયની ૧૨ રમતોમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓની સીધા જીલ્લા કક્ષાની સ્પર્ધા તા.૨૫/૧૧/૨૦૧૦ થી તા.૦૪/૧૨/૨૦૧૦ દરમ્યાન નીચે જણાવેલ વિગતે સવારે ૭.૩૦ કલાકથી યોજવામાં આવનાર છે.

### જિલ્લા કક્ષાની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તારીખ/વાર | રમતનું નામ | રમતનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨૫/૧૧/૧૦ | કુસ્તી | રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ, પીપલોદ, સુરત. |
| | | ફુટબોલ | ભાણકી સ્ટેડીયમ, રાંદેર, મોરાભાગળ, સુરત. |
| ૨ | ૨૬/૧૧/૧૦ | જૂડો | એલ.એન.બી.દાળીયા હાઈસ્કૂલ, અડાજણગામ, સુરત. |
| | | તરણ | વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત. |
| ૩ | ૨૭/૧૧/૧૦ | બાસ્કેટ બોલ | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, ઘોડ દોડ રોડ, સુરત. |
| | | યોગાસન | ભાઈઓઃ– ગજેરા વિદ્યાભવન, કતારગામ, અમરોલી રોડ, સુરત.<br>બહેનોઃ– રેડિયન્ટ હાઈસ્કૂલ, રાજહંસ સીનેમા પાસે, પીપલોદ, સુરત. |
| | | ચેસ | દિલ્હી પબ્લીક સ્કૂલ, એરપોર્ટ પાસે, ડુમસ રોડ, સુરત. |
| ૪ | ૨૯/૧૧/૧૦ | બેડમિન્ટન | પંડિત દીન દયાળ ઉપાધ્યાય, ઈન્ડોર સ્ટેડીયમ, અઠવાલાઈન્સ, સુરત. |
| | | હોકી | એમ.આઈ.એમ.એસ.બોટાવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૫ | ૩૦/૧૧/૧૦ | સ્કેટીંગ | કતારગામ સ્કેટીંગરીંગ, જરીવાલા કમ્પાઉન્ડ, કતારગામ, સુરત. |
| | | ટેબલ ટેનીસ | સરિતા સાગર સંકુલ, સુરત. |
| | | આર્ચરી (તીરંદાજી) | ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૬ | ૦૧/૧૨/૧૦ | ખો ખો | ન.પ્રા.શાળા નં.૮,૯, આઈ.ટી.આઈ.ની પાછળ, મજુરાગેટ, સુરત. |
| ૭ | ૦૨/૧૨/૧૦ | કબડ્ડી | ન.પ્રા.શાળા નં.૮,૯, આઈ.ટી.આઈ.ની પાછળ, મજુરાગેટ, સુરત. |
| ૮ | ૦૩/૧૨/૧૦ | વોલીબોલ | ભાઈઓ : ન.પ્રા.શાળા નં.૮,૯, આઈ.ટી.આઈ.ની પાછળ, મજુરાગેટ.<br>બહેનો : સર જે.જે.ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલ, શાહપોર, સુરત. |
| ૯ | ૦૪/૧૨/૧૦ | એથ્લેટીકસ | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, ઘોડ દોડ રોડ, સુરત. |

ઉપરોકત સ્પર્ધાઓમાં તમામ ખેલાડીઓને નિર્ધારિત કરેલ સ્થળોએ સમયસર હાજર રહી ખેલમહાકુંભને સફળતા અપાવવા અપીલ કરે છે.

TOP

## "સ્વર્ણિમ ખેલમહાકુંભ–૨૦૧૦" અંતર્ગત તા.૨૫/૧૧/૨૦૧૦ ના રોજ જિલ્લા કક્ષાએ યોજાયેલ કુસ્તી રમતની પ્રેસનોટ

સ્વર્ણિમ ગુજરાત ઉજવણીનાં ભાગરૂપે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ખેલ મહાકુંભ–૨૦૧૦નું આયોજન કરી સમગ્ર ગુજરાતના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રમતોત્સવ યોજવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૨૫/૧૧/૨૦૧૦ થી તા.૦૪/૧૨/૨૦૧૦ સુધી શહેર (જિલ્લા) કક્ષાની વિવિધ રમતો રમાઈ રહી છે. તા. ૨૫/૧૧/૨૦૧૦ ના રોજ સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં પીપલોદ, સુરત ખાતે આવેલ રાયન ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે કુસ્તીની જિલ્લા કક્ષાની રમત રમાયેલ હતી.

કુસ્તીની જિલ્લા કક્ષાની રમતમાં રમત અને વજન આધારે બે વિભાગોના કુલ ૧૬ વર્ગના ૧૨૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સદર રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા મળી કુલ ૪૮ ખેલાડીઓનું બહુમાન કરવા તેમજ પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી રણજીતભાઈ એમ.ગીલીટવાલા, મ્યુનિ.સભ્યશ્રી રાજેન્દ્રભાઈ બાલુભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ રાજકુમારસિંહ રાજપુત તથા શ્રીમતિ સુચિત્રાબેન સુભાષભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી તથા મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા. માન.મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના વરદહસ્તે વિજેતા ખેલાડીઓનું બહુમાન કરવામાં આવ્યું.

TOP